# ચોથા રાઉન્ડની ઓનલાઇન ચોઇસ ફીલિંગ અને બેઠકોની ફાળવણી માટેની જાહેરાત

## ( માત્ર બી.એસ.સી નર્સિંગ અભ્યાસક્રમની તમામ સંસ્થાઓ માટે)

(ચોથા રાઉન્ડમાં ભાગ લેવા માટે સંમતિ (consent) આપવી ફરજીયાત છે.)
Log in કર્યા બાદ choice details માં પ્રથમ ઓપ્શન consentમાં જઈ I accept પસંદ કરી proceed tab પર ક્લિક કરવાનું રહેશે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે બી.એસ.સી નર્સિંગ અભ્યાસક્રમની સંસ્થાઓની ખાલી રહેલ બેઠકો પર પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે GPNAMEC ના મેરીટ લીસ્ટ માં સામેલ તથા પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો અને જેઓએ બી.એસ.સી નર્સિંગ સિવાયના અન્ય કોઇપણ અભ્યાસક્રમોમાં (ફીજીઓથેરાપી,જી.એન.એમ,એ.એન.એમ.,ઓર્થોટીક્સ અને પ્રોસ્થેટીક્સ, ,ઓક્યુપેશનલ થેરાપી, બી.ઓપ્ટોમેટ્રી તથા ઓડીયોલોજી) સરકારી અથવા સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ લીધેલ હોય તે સિવાયના ઉમેદવારો માટે ચોથા રાઉન્ડની ઓનલાઇન ચોઇસ ફીલિંગ, બેઠકો ની ફાળવણી અને એડમિશન કન્ફર્મ કરાવવા માટેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | તારીખ અને સમય | |
|---|---|---|---|
| | | થી | સુધી |
| ૧ | ઓનલાઈન ચોઈસ ફીલિંગ | ૦૨/૦૨/૨૦૨૩<br>બપોરે ૧૨:૦૦ કલાક | ૦૫/૦૨/૨૦૨૩<br>રાત્રે ૧૧:૫૫ કલાક |
| ૩ | સીટ ફાળવણીની જાહેરાત | ૦૭/૦૨/૨૦૨૩ સાંજે ૪:૦૦ કલાક | |
| ૪ | ટ્યુશન ફી ની ચુકવણી ઓનલાઈન અથવા ડી.ડી/રોકડા નિયત કરેલ એક્સીસ બેંકની શાખાઓમાં | ૦૮/૦૨/૨૦૨૩<br>સવારે ૧૦:૦૦ કલાક | ૧૦/૦૨/૨૦૨૩<br>બપોરે ૦૩.૩૦ કલાક |
| ૫ | નિયત કરેલ હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટીંગ અને અસલ પ્રમાણપત્રો જમા કરાવવા અને પ્રવેશ કન્ફર્મ કરાવવા | ૦૮/૦૨/૨૦૨૩<br>સવારે ૧૦:૦૦ કલાક | ૧૦/૦૨/૨૦૨૩<br>સાંજે ૪.૦૦ કલાક |

- **ચોથા રાઉન્ડની ચોઈસ ફીલિંગમાં ભાગ લેવા માંગતા હોય તે વા ઉમેદવારોએ સૌ પ્રથમ ઓનલાઈન સંમતિ (કન્સેન્ટ) આપવાની રહેશે. ત્યારબાદ જ ચોઈસ ફીલિંગ કરી શકાશે અથવા બદલી શકાશે. બી.એસ.સી નર્સિંગ સિવાયના અન્ય અભ્યાસક્રમો એટલે કે ફીજીઓથેરાપી,જી.એન.એમ,એ.એન.એમ.,ઓર્થોટીક્સ અને પ્રોસ્થેટીક્સ, ,ઓક્યુપેશનલ થેરાપી, બી.ઓપ્ટોમેટ્રી તથા ઓડીયોલોજીની કોઈપણ સરકારી અથવા સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ લીધેલ હોય તેવા ઉમેદવારો કન્સેન્ટ આપી શકશે નહિ.** (આપે શરતચૂક થી કન્સેન્ટ આપેલ હોય તો રદ કરી શકશો.)

આપને ફાળવેલ પ્રવેશને કન્ફર્મ કરવા માટે એલોટમેન્ટ લેટરની નકલ તથા બેંક ચલાનની નકલ વેબસાઈટ પરથી પ્રિન્ટ કરાવી, બેન્કમાં ટ્યુશન ફી ભર્યા બાદ અસલ પ્રમાણપત્રો લઈને હેલ્પ સેન્ટર ખાતે જવાનું રહેશે. ઉમેદવારે નક્કી કરેલ હેલ્પ સેન્ટર **(હેલ્પ સેન્ટર અને બેંકનુ લીસ્ટ કમિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે)** ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવવા માટે **અગાઉથી ઓનલાઈન અપોઈન્ટમેન્ટ લેવાની રહેશે.** ઉમેદવારે પ્રવેશ સમિતિ દ્વારા નિયત કરેલ એક્સિસ બેન્ક ની શાખાઓમાં ટ્યુશન ફી બેન્કિંગ કલાકો દરમિયાન રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ **payable at Gandhinagar GPNAMEC** દ્વારા તેમજ કમિટીની વેબસાઈટ www.medadmgujarat.org પરથી ઓનલાઈન ફી પણ ભરી શકાશે. **(રવિવાર તથા જાહેર રજાનાં દિવસે બેંક અને હેલ્પ સેન્ટર બંધ રહેશે.)**

નોંધ:

- **ચોથો રાઉન્ડ અંતિમ રાઉન્ડ હોઈ વિધાર્થીઓએ કન્ફર્મ કરાવેલ પ્રવેશ કોઈપણ સંજોગોમાં એડમીશન કમિટી દ્વારા રદ(કેન્સલ) કરવામાં આવશે નહિ.**
- આપને ફાળવેલ પ્રવેશ ને કન્ફર્મ કરવા માટે ટ્યુશન ફી ભર્યાની રિસીપ્ટ(રસીદ)**ની નકલ** અને અસલ પ્રમાણપત્રો હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવા ફરજીયાત છે ત્યારબાદ હેલ્પ સેન્ટર ખાતેથી **એડમિશન ઓર્ડર આપવામાં આવશે.** અન્યથા આપને ફાળવેલ પ્રવેશ રદ ગણવામાં આવશે.
- અગાઉના રાઉન્ડ માં મળેલ પ્રવેશ માં ફેરફાર થતો હોય તેમણે ફરજીયાત ફી ના તફાવત ની રકમ બેંકમાં ભરી નવેસરથી હેલ્પ સેન્ટર ખાતેથી એડમિશન ઓર્ડર લેવાનો રહેશે.
- અગાઉના રાઉન્ડ માં મળેલ પ્રવેશ માં ફેરફાર થતો હોય પરંતુ ફી માં ફેરફાર ના થતો તેવા ઉમેદવારે પણ નવેસરથી હેલ્પ સેન્ટર ખાતેથી એડમિશન ઓર્ડર લેવાનો રહેશે
- અગાઉના રાઉન્ડ માં મળેલ પ્રવેશ માં ફેરફાર થતો ના હોય તેમણે હેલ્પ સેન્ટર ખાતે અને બેંકમાં જવાનું નથી.
- ચોથા રાઉન્ડમાં પ્રવેશ માટે ઉપલબ્ધ સંસ્થાઓની બેઠકો, ફી ની વિગતો તથા પ્રવેશ પ્રક્રિયા અંગેની સંપૂર્ણ માહિતી કમિટીની વેબસાઈટ www.medadmgujarat.org પર ઉપલબ્ધ છે. **પ્રવેશ સમિતિ દ્વારા અપડેટ કરવામાં આવનાર માહિતી માટે વારંવાર કમિટીની વેબસાઈટ જોતા રહેવું.**

સભ્ય સચિવ